વિભાગ હેઠળની કુલ-૧૩ આદર્શ નિવાસી શાળાઓમાં ફાયર સેફ્ટીની સુવિધા ઉભી કરવા અંગેની વર્ષ ૨૦૨૫-૨૬ના અંદાજપત્રની નવી બાબતને વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર

આદિજાતિ વિકાસ વિભાગ,

ઠરાવ ક્રમાંક: **TDD/ANS/e-file/25/2024/1019/G**

સચિવાલય, ગાંધીનગર.

તા. e-sign મુજબ

**વંચાણમાં લીધા:-**

(૧) કમિશનરશ્રી (આ.વિ), ગાંધીનગરનો તા.૩૦/૧૧/૨૦૨૪નો પત્ર ક્ર.:DOTD/NEW/e-file/242 /2575/ANS

**આમુખ:-**

અનુસૂચિત જનજાતિના મોટાભાગના લોકો ઉંડાણવાળા જંગલ વિસ્તારમાં રહેતા હોય છે તેમની આર્થિક પરિસ્થિતિ નબળી હોવાના કારણે સારૂ શિક્ષણ મેળવી શકતા નથી. અનુસૂચિત જનજાતિના આવા જરૂરિયાતવાળા બાળકોને શૈક્ષણિક વ્યવસ્થા મળી રહે તે માટે આદર્શ નિવાસી શાળાઓ શરૂ કરેલ છે. આ આદર્શ નિવાસી શાળાઓમાં વિદ્યાર્થીઓની સલામતી મળી રહે તે માટે કમિશનરશ્રી(આ.વિ.) દ્વારા માંગણી ક્રમાંક:૯૩ (ડીએસટી) આયોજન સદર હેઠળની ૦૧ (એક) આદર્શ નિવાસી શાળામાં ફાયર સેફ્ટીની સુવિધા ઉભી કરવા માટે રૂ.૦.૨૫ કરોડની જોગવાઇ અને માંગણી ક્રમાંક: ૯૬ (ટીએએસપી) આયોજન સદર હેઠળ ૧૨ (બાર) આદર્શ નિવાસી શાળાઓમાં ફાયર સેફ્ટીની સુવિધા ઉભી કરવા માટે રૂ.૩.૬૨ કરોડની જોગવાઇ એમ કુલ મળીને ૧૩ આદર્શ નિવાસી શાળાઓમાં ફાયર સેફ્ટીની સુવિધા ઉભી કરવા અંગે કુલ રૂ.૩.૮૭ કરોડની જોગવાઇ કરવા અંગેની નવી બાબતનો વર્ષ ૨૦૨૫-૨૬માં સમાવેશ કરવા વંચાણમાં લીધેલ ક્રમ (૧) સામેના પત્રથી દરખાસ્ત કરવામાં આવેલ હતી. જેની વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાના અંતે, આ વિભાગ હેઠળની નીચે પત્રકમાં દર્શાવેલ કુલ-૧૩ આદર્શ નિવાસી શાળાઓના મકાનમાં ફાયર સેફ્ટીની સુવિધા ઉભી કરવા માટે કોલમ નં.(૩) પ્રમાણેની રકમની નવી બાબતનો કોલમ નં.(૪) મુજબના બજેટ સદર હેઠળ વર્ષ ૨૦૨૫-૨૬ના અંદાજપત્રમાં નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

| ક્રમ | આદર્શ નિવાસી શાળાનું નામ | જોગવાઇ (રૂ. કરોડમાં) | બજેટ સદર |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | આદર્શ નિવાસી શાળા (કુમાર)-વાંસદા, તા.વાંસદા, જિ.નવસારી (છાત્રાલય બિલ્ડીંગ માટે) | ૦.૨૫ | 96-4225-02-796-42-VKY-51 |
| ૨ | આદર્શ નિવાસી શાળા (કન્યા)-ખુંધ, તા.ચીખલી, જિ.નવસારી (શાળા બિલ્ડીંગ માટે) | ૦.૦૩ | 96-4225-02-796-42-VKY-51 |
| ૩ | આદર્શ નિવાસી શાળા (કન્યા)-ખુંધ, તા.ચીખલી, જિ.નવસારી (હોસ્ટેલ બિલ્ડીંગ માટે) | ૦.૨૭ | 96-4225-02-796-42-VKY-51 |
| ૪ | આદર્શ નિવાસી શાળા (કન્યા)-સિસોદરા, તા.જિ.નવસારી (શાળા અને હોસ્ટેલ બિલ્ડીંગ માટે) | ૦.૭૨ | 96-4225-02-796-42-VKY-51 |
| ૫ | આદર્શ નિવાસી શાળા (કન્યા)-સિસોદરા, તા.જિ.નવસારી (સ્ટાફ ક્વાટર્સ બિલ્ડીંગ માટે) | ૦.૨૬ | 96-4225-02-796-42-VKY-51 |
| ૬ | આદર્શ નિવાસી શાળા (કન્યા)-મલાવ, તા.ઉમરગામ, જિ.વલસાડ (શાળા બિલ્ડીંગ માટે) | ૦.૨૩ | 96-4225-02-796-42-VKY-51 |
| ૭ | આદર્શ નિવાસી શાળા (કન્યા)-અંબાજી, તા.દાંતા, જિ.બનાસકાંઠા (શાળા બિલ્ડીંગ માટે) | ૦.૧૭ | 96-4225-02-796-42-VKY-51 |
| ૮ | આદર્શ નિવાસી શાળા (કુમાર)-દાંતા, તા.દાંતા, જિ .બનાસકાંઠા (શાળા બિલ્ડીંગ માટે) | ૦.૧૨ | 96-4225-02-796-42-VKY-51 |
| ૯ | આદર્શ નિવાસી શાળા (કન્યા)-જોરાપુરા, તા.અમીરગઢ, જિ.બનાસકાંઠા | ૦.૫૩ | 96-4225-02-796-42-VKY-51 |
| ૧૦ | આદર્શ નિવાસી શાળા (કુમાર)-મહુવા, તા.મહુવા, જિ.સુરત (શાળા છાત્રાલય બિલ્ડીંગ માટે) | ૦.૧૨ | 96-4225-02-796-42-VKY-51 |
| ૧૧ | આદર્શ નિવાસી શાળા (કન્યા)-ઝઘડીયા, તા.ઝઘડીયા, જિ.ભરૂચ (શાળા બિલ્ડીંગ) | ૦.૭૪ | 96-4225-02-796-42-VKY-51 |
| ૧૨ | આદર્શ નિવાસી શાળા (કન્યા)-ટિચકપુરા, તા.વ્યારા, જિ.તાપી (હોસ્ટેલ બિલ્ડીંગ) | ૦.૧૭ | 96-4225-02-796-42-VKY-51 |

Signature Not Verified
Signed by: Janak Bhalodiya
Section Officer
Date: 2025.03.29 19:09:12 +05:30



Open the document in Adobe Acrobat DC to verify the E-sign

| | | | |
|---|---|---|---|
| ૧૩ | આદર્શ નિવાસી શાળા (કુમાર)-અંકલેશ્વર, તા.અંકલેશ્વર, જિ.ભરૂચ (શાળા બિલ્ડીંગ) | ૦.૨૫ | 93-4225-03-277-04-VKY-59 |
| કુલ | | ૩.૮૭ | |

**શરતો:-**

૧. ઉક્ત નવી બાબતનો ખર્ચ ૦૧/૦૪/૨૦૨૫ થી કરવાનો રહેશે.
૨. બાંધકામના કામોની દરખાસ્તોની મંજૂરી માટે કમિશનરશ્રી આદિજાતિ વિકાસે તાત્કાલીન પ્રવર્તમાન S.O.R મુજબ નકશા-અંદાજો તૈયાર કરી સક્ષમ સત્તાધિકારીની તાંત્રિક મંજૂરી મેળવવાની રહેશે.
૩. બાંધકામના કામોમાં P.W.D. મેન્યુઅલની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.
૪. આ યોજના ની અમલવારી અર્થે કોઇ અન્ય વિભાગ સાથેના Linkagesની કામગીરી પ્રોજેક્ટની સમયમર્યાદાને અસર ન કરે તે રીતે પૂર્ણ કરવાના રહેશે.
૫. આ કામની ડિઝાઈન તૈયાર કરતી વખતે અને યોજનાનાં અમલીકરણમાં સુરક્ષા અંગેના ધોરણો અને ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીની માર્ગદર્શક સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
૬. મંજૂર થયેલ અંદાજોમાં કોઈ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે.
૭. આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રર્વતમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
૮. ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ મુજબ ખરીદી ગવર્નમેન્ટ ઈ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા ખરીદ પધ્ધતિ મુજબની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ તથા ત્યારબાદના વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
૯. પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ તેના સુચારુ ઉપયોગ અને અમલવારી માટે operation and maintenance ની યોગ્ય વ્યવસ્થા અને આયોજન કરવાનું રહેશે.
૧૦. નાણા વિભાગના કરકસર પ્રભાગ દ્વારા વખતો વખત બહાર પાડવામાં આવતી કરકસર અંગેની સુચનાઓનું કમિશનરશ્રી આદિજાતિ વિકાસે ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
૧૧. સમગ્ર પ્રોજેક્ટ તેની વહીવટી મંજુરીની મર્યાદામાં સમયસર પૂર્ણ થાય તે રીતે સમયબધ્ધ નાણાકિય આયોજન કરવાનું રહેશે. તે માટેના જરૂરી નાણાકીય સ્ત્રોત પાસેથી સમય સર ફંડ ઉપલબ્ધ થાય તેનું આયોજન કરવાનું રહેશે.
૧૨. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.
૧૩. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.
૧૪. આ અંગેનો ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.
૧૫. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
૧૬. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે. જે હેતુ માટે બજેટ જોગવાઈ કરવામાં આવી છે તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.
૧૭. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
૧૮. સદર વહીવટી મંજુરી અન્વયે સતત બે વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજૂરી આપોઆપ રદ ગણાશે.
૧૯. Road and Building Department Resolution No. RBD/OAS/e-file/ 16/2022/0002/ Section-C Dt.11/10/2023 થી પ્રસિધ્ધ થયેલ Standard Bidding Document (SBD) નું પાલન કરવાનું રહેશે.
૨૦. શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના પરિપત્ર તા.૦૮/૦૭/૨૦૨૧ ની જોગવાઈઓ ધ્યાને લેવાની રહેશે.

આ અંગેનો ખર્ચ ઉપરના પત્રકમાં કોલમ નં.(૪)માં દર્શાવેલ બજેટ સદર હેઠળ થયેલ જોગવાઇમાંથી મેળવવાનું તેમજ ઉધારવાનું રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા સલાહકારશ્રી (આદિજાતિ વિકાસ વિભાગ)ના પરામર્શમાં વિભાગની તા.૨૭/૦૩/૨૦૨૫ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

e-sign
(જનક ભાલોડીયા)
સેકશન અધિકારી
આદિજાતિ વિકાસ વિભાગ

**નકલ રવાના:**

- માન.રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર. (પત્ર દ્વારા)
- માન.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રીના અગ્ર રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી(આ.વિ.), કમિશનર (આ.વિ)ની કચેરી, બિરસામુંડા ભવન, ગાંધીનગર.
- મહાલેખાકારશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ, રાજકોટ.
- મુખ્ય સ્થપતિ અધિકારીશ્રી (માર્ગ અને મકાન), માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણાં સલાહકારશ્રી (આ.વિ.વિ), સચિવાલય, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી. (કમિશનરશ્રી (આ.વિ)મારફત)
- સર્વે મદદનીશ કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, તમામ જિલ્લાઓ (કમિશનરશ્રી (આ.વિ)મારફત)
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર (ગ્રાન્ટની ફાળવણી બાબતે આ ઠરાવમાં સૂચવ્યા મુજબની જરૂરી કાર્યવાહી માટે)
- સિસ્ટમ મેનેજરશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ,સચિવાલય,આ.વિ.વિ ની વેબસાઈટ પર મુકવા વિનંતી સહ
- શાખા સિલેક્ટ ફાઈલ-૨૦૨૫